પત્રિકા ૧૪૨

# ચિરાગે હિદાયત

૧૯/૦૧/૧૮
૧ જ.અવ્વલ

## નેક કાર્યો

અલ્લાહ તઆલા ફરમાવે છે **''પછી જ્યારે અમે દરેક ઉમ્મતમાંથી એક સાક્ષી બોલાવીશું અને તે સઘળાઓ ઉપર (અય મોહમ્મદ(સ.અ.વ.)) તને એક સાક્ષી તરીકે બોલાવીશું. ત્યારે (તેમની) કેવી દશા થશે?''** *(સૂરએ નિસાઅ, આ. ૪૧)*

જ્યારે ઈમામ(અ.સ.)ને આ આયતની તફસીર વિષે પૂછવામાં આવ્યું તો આપ(અ.સ.)એ ફરમાવ્યું **''આ ઉમ્મતના ગવાહ અમે લોકો છીએ અને અમારી ઉપર રસૂલ(સ.અ.વ.) ગવાહ છે.''**

એટલે કે દરેક ઝમાનાના ઈમામો(અ.મુ.સ.) તેના ઝમાનાના લોકો માટે ગવાહ હોય છે અને તેથી આજના ઝમાનામાં ઈમામ મહદી(અ.ત.ફ.શ.) આપણા કાર્યોના ગવાહ છે.

અઝીઝો! આપણે જરા વિચારીએ કે જ્યારે આપણને એ વાતની ખબર હોય કે આપણને કોઈ જોઈ રહ્યું છે તો તે સમયે આપણે જે કાર્ય કરશું તેમાં કેટલી સાવધાની અને ચીવટ રાખશું, પણ તે વાત જાણવા છતાં કે આપણા દરેક કાર્ય ઈમામ(અ.સ.)ની બારગાહમાં રજુ કરવામાં આવે છે આપણા કાર્યોમાં કોઈ ફરક નથી પડતો. જો આપણે ત્યાં કોઈ પ્રસંગ હોય કે કોઈ પ્રસંગમાં જવાનું હોય તો કેવી સાવચેતી રાખીને તૈયાર થઈને જશું, નાનામાં નાની વસ્તુનો ખ્યાલ રાખશું, બધી જ વસ્તુ સ્વસ્થ અને સુંદર લેશું કે આપણું ખરાબ ન દેખાય. પણ આપણને બધાને ખબર છે કે એક દિવસ આપણે અલ્લાહ તઆલાની બારગાહમાં હાજર થવાનું છે. જ્યાં અંબિયા હશે, અઈમ્માહ(અ.મુ.સ.) હશે અને તે સમય માટે કોઈ તૈયારી નથી કરતા માત્ર દુન્યવી ઝિંદગીમાં એવા મશગુલ થઈ જઈએ છીએ કે આપણા કાર્યોથી આપણે ગાફિલ રહીએ છીએ. પણ અઝીઝો! સુરએ નિસાઅની ઉપર દર્શાવેલી આયત આપણી હિદાયત માટે આપણને બેદાર કરવા માટે કાફી છે જે જાહેર કરે છે કે તે દિવસે જ્યારે આપણા કાર્યોની ગવાહી ઈમામ(અ.સ.) આપશે ત્યારે આપણી શું હાલત હશે?

આપણને આવો વિચાર ક્યારેય નથી આવતો કારણકે આપણે આખેરત માટે જાગૃત નથી, તવજ્જોહ નથી દેતા અને બીજું તો એ કે એહસાસ પણ નથી કરતા કે

ઈમામ(અ.સ.) ઉપર શું વિતતી હશે?!! શું આપણને ઈમામ(અ.સ.) માટે લાગણી કે મોહબ્બત નથી?

અઝીઝો! જેવી રીતે એક બાળક કોઈ એવું ખરાબ કામ કરે છે કે જેનાથી માં-બાપનું નામ ખરાબ થાય તો તે માં-બાપને કેટલો રંજ થશે? એવી જ રીતે જ્યારે આપણે કોઈ એવા કામ કરીએ જેમ કે જુઠ બોલવું, ફિતના-ફસાદ કરવા, ભાઈઓ અને ઘરવાળાઓ સાથે ઝઘડા, ગીબ્બત, તોહમત, કત્એ રહેમી, પતિ-પત્નીના ઝઘડા, તલાકો, માં-બાપને અઝીય્યત આપવી, મોઅમીનને નુકસાન પહોંચાડવું વિગેરે. તો આ તમામ કાર્યો આપણા ઝમાનાના ઈમામ(અ.ત.ફ.શ.)ને રંજીદા કરે છે. એ ઈમામ જે આપણા રૂહાની બાપ છે, આપણને ચાહે છે, આપણી મદદ કરે છે, આપણી ખબર લે છે, આપણું ધ્યાન રાખે છે, જેના વજુદને કારણે આપણે નેઅમતો મેળવી રહ્યા છીએ તે ઈમામ(અ.સ.) ન માત્ર આપણે પરિસ્થિતીથી જાણકાર છે બલ્કે તેમને આપણા દુ:ખ દર્દોની પણ અસર થાય છે.

* ***ઈમામ આપણા દુ:ખ અને દર્દથી વાકેફ હોય છેઃ***

રમીલા નામનો શખ્સ બયાન કરે છે કે હું હઝરત અલી(અ.સ.)ના ઝમાનામાં બહુજ બીમાર પડી ગયો. એક દિવસ જ્યારે જુમ્આ હતી મને થોડું સારૂં હતું એટલે નમાઝ પઢવા મસ્જિદમાં મૌલા અલી(અ.સ.)ની પાછળ નમાઝનો ઈરાદો કર્યો, જ્યારે તૈયાર થઈને મસ્જિદ પહોંચ્યો ત્યારે ઈમામ(અ.સ.) ખુત્બો આપી રહ્યા હતા. નમાઝ શરૂ થઈ ત્યારે મારી તબીયત ફરીથી ખરાબ થઈ. નમાઝ બાદ જ્યારે હું ઈમામ(અ.સ.)ને મળવા ગયો ત્યારે ઈમામ(અ.સ.)એ કહ્યું ''રમીલા! તમે કેમ તડપી રહ્યા છો?'' ત્યારે મેં ઈમામ(અ.સ.)ને મારી બીમારીની વાત કરી. ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''અય રમીલા! જ્યારે કોઈ મોમીન બીમાર હોય છે કે દુ:ખી અથવા ગમગીન હોય છે તો અમે પણ તેની સાથે દુ:ખી અને ગમગીન હોઈએ છીએ.'' પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''રમીલા! દુનિયામાં પુર્વથી પશ્ચિમમાં કોઈપણ મોમીન અમારી નજરોથી ગાએબ નથી.'' ઈમામ(અ.સ.) કે જે અલ્લાહની હુજ્જત છે. અલ્લાહે તેમને દરેક બાબતનું ઈલ્મ આપ્યું છે.

* ઈમામ અલીરઝા(અ.સ.)એ ફરમાવ્યું કે ''હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.) અલ્લાહની ખીલકતમાં અલ્લાહના અમીન છે અને અમે એમના વારસદાર છીએ. અમને એ પણ ખબર છે કે કોણ બલા અને આજમાઈશમાં સપડાશે અને કોનું મૃત્યુ કયાં થશે? જો અમે કોઈને જોઈએ તો તેને ઓળખી જઈએ છીએ કે તેનામાં ઈમાન કેટલું છે અને મુનાફીકપણું કેટલું છે અને અમારા શિયાઓના નામ તેઓના માં-બાપની સાથે અમારી પાસે લખેલા છે.'' *(ઉસૂલેકાફી, ભાગ-૧)*

* સય્યદ ઈબ્ને તાઉસ(અ.ર.) કહે છે કે ''મેં ઈમામ(અ.સ.)ને સરદાબમાં જોયા કે તેઓ દરેક શિયાનું નામ લઈને તેમના માટે દુઆ કરી રહ્યા હતા.''

* *અબુ બશીરનો બનાવઃ*

અબુ બશીર નકલ કરે છે કે હું ઈમામ મોહમ્મદ બાકીર(અ.સ.) સાથે મસ્જિદમાં દાખલ થયો અને પછી જયારે અમે ત્યાંથી નીકળ્યા તો મેં ઈમામ(અ.સ.)ને એક આફ્રીકન માણસ સાથે વાતો કરતા સાંભળ્યા.

ઈમામ(અ.સ.)એ તેને પૂછ્યું ''રશીદ કેમ છે?''

તે માણસે કહ્યું ''હું નીકળ્યો ત્યારે તેઓ જીવંત હતા અને તેમનો અકીદો સહીહ હતો અને તેણે આપને સલામ કહ્યા છે.''

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''અલ્લાહ તઆલા તેની ઉપર રહેમ કરે!''

તે માણસે પૂછ્યું ''શું રશીદ ગુજરી ગયા?''

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''હા.''

માણસ (આફ્રીકન)એ પૂછ્યું ''કયારે?''

ઈમામ(અ.સ.)એ કહ્યું ''તમે નીકળ્યા પછી બે દિવસે.''

અબુ બશીર પુછે છે કે ''ઈમામ(અ.સ.) તે કોણ હતો?''

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''તે મારી વિલાયત ધરાવનાર હતો, મને ચાહતો હતો.''

પછી ઈમામ(અ.સ.)એ કહ્યું ''શું તમે એમ ધારો છો કે હું તમને જોતો નથી અને તમને સાંભળતો નથી? તો તમે ખરાબ તસવ્વુર કર્યો. અલ્લાહની કસમ! તમારૂં એક પણ કાર્ય અમારાથી છુપાએલ નથી. તેથી હંમેશા મને હાજર સમજો અને તમારી

જાતને સારા કામોની આદત પાડો અને નેકી કરનારાઓમાંથી બનો, જેથી તમારી ઓળખ તેનાથી થાય. હું મારા શિયાઓને એ બાબતની ભલામણ કરૂં છું.''

*(અલ ખરાએજે કુત્બે રવન્દી, પેજ નં.૯૨)*

* શેખ મુફીદ(અ.ર.)ને એક તવકી (પત્ર)માં ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું **''તમારી સાથે જે બને છે તેને અમારા ઈલ્મે ઘેરી લીધેલ છે અને તમારી કોઈપણ માહિતી અમારાથી છુપાએલી નથી. તમારી સાર-સંભાળ રાખવામાં બેદરકાર નથી અને અમો તમારી યાદને ભુલતા નથી!''**

*(એહતેજાજે તબરસી, પેજ નં.૩૨૩)*

ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) ઈચ્છે છે કે શિયાઓ તેમના ઈમામ(અ.સ.)એ બતાવેલ જીવનની રીતને સમજે અને ઈમામ(અ.સ.)ને હાજરા હજુર સમજીને પોતાને ગુનાહોથી બચાવે અને પોતાના કાર્યો ઉપર હંમેશા નજર રાખે કે આયા તે ઈમામ(અ.સ.)ને ખુશ કરશે કે નારાજ? કારણ કે ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ખુશનુદી અલ્લાહ તઆલાની ખુશનુદી છે અને ઈમામ(અ.સ.)ની નારાજગી અલ્લાહ તઆલાની નારાજગી છે.

ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) એ છે જેમના વાસ્તાથી નમાઝ કબૂલ થાય છે, રિઝ્કમાં વધારો થાય છે, ગમ અને મુસીબતો દૂર થાય છે, તે નજાતની કશ્તી છે, તેમના થકી ગુનાહો માફ થાય છે, આવો ઈમામ(અ.સ.) પાસે દુઆ કરીએ કે **''અય અમારા મૌલા અને આકા! અય અમને બધાને ચાહવાવાળા! અય તે કે જેમની શફક્કત પિતાની શફક્કત કરતા વધારે છે. અય અમારા ઝમાનાના ઈમામ! અમે ગુનેહગાર છીએ. અમારી ભૂલોને માફ કરીને આપના પાકીઝા દામનની ખુશ્બુથી અમને કયારેય વંચિત ન કરતા. અય અમારા ઝમાનાના ઈમામ! સલામ થાય આપના પર જે કમઝોર કરી નાખવામાં આવેલ મોમીનોને ઈઝઝત બક્ષનાર છે.''**

અય કાફીરો, ઘમંડીઓ, ઝાલીમોને અપમાનિત કરનાર! અય અલ્લાહ! એમના થકી (ઈમામ અ.સ. થકી) હકને સ્થાપિત કરી દે અને એમના થકી બાતિલનો નાશ કરી દે, એમના થકી તારા દોસ્તોને બલંદી અતા કર, એમના થકી તારા દુશ્મનોને ઝલીલ કર. ઈલાહી આમીન.

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com